# યાત્રી ભાડુ યથાવત : કોઈ નવી ટ્રેનની જાહેરાત નહી

**રેલવે પ્રવાસી હવે યાત્રાના ૪ મહિના પહેલા જ ટિકિટ બુકિંગ કરાવી શકશે : મહિલા કોચ અને પસંદગી કોચોમાં સીસીટીવી કેમેરા ગોઠવવા જાહેરાત : ડેબિટ કાર્ડથી ટિકિટ ખરીદવા સ્ટેશનો પર મશીન મુકાશે : પાંચ વર્ષમાં રેલવેના ચહેરાને બદલાશે**



નવી દિલ્હી,તા. ૨૬

દેશભરના લોકો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઇ રહ્યા હતા તે વર્ષ ૨૦૧૫ માટેનું રેલવે બજેટ રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ આજે લોકસભામાં રજૂ કર્યુ હતું. બજેટ રજૂ કરતી વેળા સુરેશ પ્રભુએ શ્રેણીબદ્ધ નવી યાત્રીલક્ષી જાહેરાતો કરી હતી જેના ભાગરુપે યાત્રી ભાડાઓમાં કોઇપણ વધારો નહીં કરવાની જાહેરાત કરી હતી. સાથે સાથે આ વખતે પ્રથમ વખત બજેટમાં કોઇ પણ પ્રકારની નવી ટ્રેનની જાહેરાત કરવામાં આવી નથી. સુરેશ પ્રભુએ તેમના બજેટ ભાષણમાં રેલવેના ચહેરાને સંપૂર્ણપણે બદલી કાઢવા ચાર મુખ્ય ઉદ્દેશ્યોની વાત કરી હતી અને કહ્યું હતું કે, રેલવેને મુશ્કેલ અને કટોકટી ભર્યા તબક્કામાંથી બહાર કાઢવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. ચાર જે ઉદ્દેશ્યો રાખવામાં આવ્યા છે તે પૈકી પ્રથમ ઉદ્દેશ્ય રેલવે યાત્રાને વધુ સુરક્ષિત બનાવવા, રેલવેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવા અનેતેની ક્ષમતાને વધારવા છે. ઉપરાંત રેલવેને નાણાંકીય રીતે આત્મનિર્ભર બનાવવાનો પણ મુખ્ય હેતુ રહેલો છે. પ્રભુએ કહ્યું હતું કે, સરકાર રેલવેના વિકાસ પ્રત્યે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. યાત્રી ભાડામાં કોઇ વધારો ન કરાતા સામાન્ય લોકોને મોટી રાહત મળી છે. રેલવે વધુ નાણા એકત્રિત કરી શકે તે માટે નૂરના દરમાં કેટલાક ફેરફાર કર્યા છે. પ્રભુએ સ્ટેશનો અને ટ્રેનો પર વધુ સાફ સફાઈ તરફ પમ ધ્યાન આપવામાં આવ્યું છે. સ્વચ્છ રેલ સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ટ્રેનો અને સ્ટેશનો ઉપર સાફ સફાઈને મહત્વ આપવા નવા વિભાગની રચના કરવામાં આળી છે. આ દરખાસ્ત હેઠળ ૬૫૦ વધારાના સ્ટેશનો ઉપર

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તર્કના ચિપિયાથી બધું જ પકડાય ઇશ્વર કદી નહીં
- સુરેશ દલાલ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૪૪ | ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૫, શુક્રવાર ; ફાગણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સ્વાઈન ફલુનો કહેર યથાવત

**૧૦ નવા કેસ નોંધાયા : આજે ૧૮ દર્દી સાજા થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ શહેર અને ગાંધીનગર તાલુકામાંથી જ ૮ નવા કેસ મળ્યા**

## આરોગ્ય કમિશનરની કચેરીના કર્મચારીનું સ્વાઈન ફલુમાં મૃત્યુ

**શહેરમાં ૪૦ થી વધુ પોઝીટીવ કેસ અત્યાર સુધીમાં નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૬

સ્વાઈન ફલને કારણે આરોગ્ય કમિશનરની કચેરીમાં કરાર આધારિત કર્મચારી તરીકે ફરજ બજાવતા મનીષ દરજીનું આજે યુવાવયે દુઃખદ અવસાન થતાં આરોગ્યના કર્મચારીઓ તેમજ સે. ૧ ૩માં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મનીષ સ્વાઈન ફલુની છેલ્લા પાંચ દિવસથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો. આ અગાઉ તેણે ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર લીધી હોવાનું જાણવા મળેલ છે.

આજે સાંજે પાંચેક વાગ્યાના સુમારે તેનુ સારવાર દરમ્યાન મૃત્યુ થયુ છે. તેના અવસાનના સમાચાર વાયુવેગે પંચાયત અને આરોગ્ય કમિશનરની કચેરીમાં

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ૧૦ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં આ રોગના નોંધાયેલા દર્દીઓની સંખ્યા ૧૪૮ પર પહોંચી છે. જે છેલ્લા પાંચ વર્ષમાં નોંધાયેલા કેસોમાં એક નવો વિક્રમ છે.

જિલ્લામાં સ્વાઈન ફલુને નિયંત્રિત કરવા માટે તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પણ હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત હોમિયોપેથીની દવાઓ તેમજ આયુર્વેદના ઉકાળાનું પણ ૭૧થી વધુ સ્થળોએ વિતરણ શરુ કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર



બાળ ફિલ્મમહોત્સવ - ગાંધીનગરમાં આરંભાયેલ બાળ ફિલ્મ મહોત્સવના પ્રથમ દિવસની સાંજે શહેરના અંતરિયાળ વિસ્તારોમાં વિવિધ ૧ ૩ સ્થાનો પર ઝુંપડપટ્ટીના બાળકો માટે વિશિષ્ટ આયોજન દ્વારા સર્જનાત્મક અને શૈક્ષણિક ફિલ્મો દર્શાવાઈ હતી. શિક્ષણ તંત્ર અને કલ્ચરલ ફોરમના સભ્યોએ જાહેર સ્થળો પર ફિલ્મ નિર્દર્શન દરમિયાન સેવા બજાવી હતી.

# ગીફ્ટ સીટીમાં ઈન્ટરનેશનલ એક્સચેન્જ સ્થપાશે

**એનએસઈએ ઈન્ટરનેશનલ એક્સચેન્જ સ્થાપવા માટે ગિફ્ટ સિટીમાં ભારતના સૌપ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિઝ સેન્ટર સાથે સમજૂતી કરાર કર્યા**

ગાંધીનગર, તા.૨૬

ભારતનું અગ્રગણ્ય શેરબજાર નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) ગિફ્ટ સિટી તરીકે જાણીતા ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી કંપની લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટા કંપની ગિફ્ટ એસઈઝેડ દ્વારા ભારતના સૌ પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિઝ સેન્ટર તરીકે વિકસાવવામાં આવી રહેલા મલ્ટિ સર્વિસિઝ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (એસઈઝેડ)એવા ગિફ્ટ એસઈઝેડ એરિયામાં એક ઈન્ટરનેશનલ એક્સચેન્જની સ્થાપના કરવાનો આશય ધરાવે છે.

ગાંધીનગરમાં ગુજરાતના માનનીય નાણાંપ્રધાન શ્રી સૌરભભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગિફ્ટ એસઈઝેડ અને એનએસઈએ સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હતા. એનએસઈ સરકાર તથા નિયંત્રકો દ્વારા જારી કરવામાં આવેલા વર્તમાન કાયદાઓ અને રૂપરેખાઓનું પાલન થવાની શરતે ટ્રેડિંગ, કિલયરીંગ અને સિકયોરીટીઝના સેટલમેન્ટને સરળ બનાવવા માટે એક ઈલેકટ્રોનિક પ્લેટફોર્મ પુરું પાડે એવું તથા ઈકિવટીઝ, વ્યાજ દર, ચલણો તથા અન્ય જેવા વિવિધ અસ્કયામત વર્ગ અને તેના ડેરિવેટિવ્સમાં કામકાજની સુવિધાઓ શરુ કરવાની સંભાવના ચકાસે એક આંતરરાષ્ટ્રીય ધારાધોરણ અનુસારનું એક્સચેન્જ વિકસાવવાનો આશય ધરાવે છે. આ એક્સચેન્જ ગિફ્ટ સિટીમાં ગિફ્ટ એસઈઝેડ-આઈએફએસસીમાંથી કામગીરી હાથ ધરવા સંમત હોય એવા આંતરરાષ્ટ્રીય તેમજ અન્ય રોકાણકારોની જરૂરિયાત સંતોષી શકશે.

ગુજરાત માટેના આ એક મહત્વના ઘટનાક્રમને આવકાર આપતા ગુજરાત સરકારના માનનીય નાણાં પ્રધાન શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'ગિફ્ટ સિટીમાં દેશના સૌપ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિઝ સેન્ટરને વિકસાવવાનું ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનું સ્વપ્ન રહ્યું છે. ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ એક્સચેન્જના સંચાલન માટે એનએસની ઉપસ્થિતિ હોવી એ દેશમાં ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિઝ માટે ગિફ્ટ સિટી એક પસંદગીના સ્થળ તરીકે ઉભરી રહ્યું હોવાની સાબિતી આપે છે. આ સમજૂતી કરારના પગલે આગળ જતા

● અનુસંધાન પાન-૭ પર

# વાતાવરણમાં નાટ્યાત્મક પલ્ટો

**ઉનાળાના આરંભે નગરજનો ઠુઠવાયા તાપમાનનો પારો 3 ડિ.સે. નીચે આવ્યો**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં આજે મોસમમાં ફરી એકવાર નાટ્યાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. ઠંડીનો પારો ૩ ડિ.સે. નીચે ઉતરતા નગરજનોએ વહેલી સવારથી શિયાળાની ઠંડીનો અહેસાસ કર્યો હતો. જ્યારે બપોરે આકરો તાપ પડ્યો હતો. આમ આજના દિવસે ઠંડી ગરમીની અસરથી નગરનું જનજીવન પ્રભાવિત રહ્યુ હતુ. ઠંડીમાં વધારો નોંધાતા સ્વાઈન ફલુના કેસોમાં વધારો થઈ શકે તેમ છે. આથી નાગરિકો પણ ચિંતા અનુભવી રહ્યા છે.

ગાંધીનગર સહિત રાજ્યભરમાં ઠંડીની ઋતુ પૂર્ણતાના આરે છે. ત્યારે આજે ગાંધીનગર શહેરના મોસમમાં એકાએક અચાનક જ નાટકીય રીતે બદલાવ જોવા મળ્યો હતો. જેને લીધે નગરજનોએ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. ઠંડીની ઋતુ તેના અંતિમ તબક્કામાં છે. બીજી બાજુ ધીમે ધીમે ગરમી તેનો રંગ બતાવી રહી છે. પરિણામે છેલ્લા ઘણા સમયથી મહત્તમ તાપમાનનો પારો ૩૫ ડિ.સે. ની આસપાસ નોંધાય છે. અને નગરજનો ગરમીનો અનુભવ પણ કરી રહ્યા છે. ત્યારે આજે ગતરોજની તુલનાએ લઘુત્તમ તાપમાનનો પારો ૧૮ ડિ.સે. થી ૧૫.૨ ડિ.સે. નીચો આવી ગયો હતો. આથી વહેલી સવારે ઠંડા પવન સાથે ભારે ઠંડીનો ચમકારો નગરજનોએ અનુભવ્યો હતો. આજે મહત્તમ તાપમાનનો પારો ૨૮.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાનનો પારો ૧૫.૨ ડિ.સે. નોંધાયો હતો, જ્યારે ભેજ સવારે ૫૧ ટકા અને સાંજે ૧૭ ટકા રહ્યો હતો. સુસવાટા મારતા ઠંડા પવનો આખો દિવસ નગરજનોએ અનુભવ્યા હતા અને કબાટમાં મુકી દીધેલા ગરમ કપડા ફરી એક વખત પહેરવાનો વારો આવ્યો હતો.

## રેલવે બજેટ સુરક્ષા અને સુવિધાલક્ષી છે : આનંદીબેન

**ભાડામાં વધારો કર્યા સિવાય યાત્રાળુનું સુવિધા વધારાઈ**

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કેન્દ્રની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારના પહેલા રેલ્વે બજેટને નવિન અભિગમ અને યાત્રી સુવિધા-સુરક્ષાલક્ષી બજેટ ગણાવી અભિનંદન પાઠવ્યા છે. આનંદીબેન પેસેન્જર ભાડામાં કોઈ વધારો કર્યા સિવાય રેલ્વે સ્ટેશનો પર તથા ટ્રેઈનમાં



યાત્રાળુઓની સુવિધાને વધરો કરતું વિઝનરી બજેટ આપવાનો સૂર આ બજેટમાં પડઘાય છે તેમ રેલ્વે બજેટ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે. મુખ્યમંત્રી જણાવ્યું છે કે ભુતકાળમાં રેલ્વે બજેટ માત્ર નવી ટ્રેઈન, નવી રેલવે લાઈનો અને રેલવે લાઈનોના રૂપાંતરણ પુરતું સમિત રહેવું હતું. પરંતુ સુરેશ પ્રભુએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ સરકારનું ભાવિ વિઝન અને ભારતીય રેલવેને નવા વિકાસ માર્ગે લઈ જવા માટેની પ્રતિબધ્ધતા આ બજેટમાં દર્શાવી છે. તેમણે જણાવ્યું કે રેલવેના આ બજેટમાં ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરને ઝડપથી વિકસાવવાની જે બાબત છે તે ગુજરાતના વિકાસને નવી ગતિ આપશે. કોસ્ટલ કનેકટીવીટી પ્રોગ્રામ શરૂ કરીને ગુજરાતના બંદરોને સાંકળી લેવાની જાહેરાત પણ અભિનંદનને પાત્ર છે. મહાત્મા ગાંધીજીના દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ ગમનના ૧૦૦ વર્ષ પૂરા થવા નિમિતે રેલવે મંત્રીએ ગાંધી સર્કીટ શરૂ કરવા માટે તેમજ ખેડુતો માટે કાર્ગો સેન્ટર

● અનુસંધાન પાન-૭ પર

તલાટી
ગુજરાત સરકરામાં નોકરી મેળવો
ધો.12 પાસ
ફી ₹ 18,000/-
2440+ જગ્યાઓ
✔ પરીક્ષા સુધીનો કોર્ષ
✔ નિયમિત ટોપિક્સના અંતે ટેસ્ટ
✔ 25000+ વધુ પ્રશ્નોનું સોલ્યુશન
✔ 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ
✔ સિલેબસ મુજબ તમામ ટોપિક્સનું વિસ્તૃત શિક્ષણ
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
તલાટીની બેચ શરૂ થવાની વિગત

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
| --- | --- | --- |
| 04.03.2015 | સવારના 10-00 થી 2-00 | સોમ થી શુક્ર |
| 16.03.2015 | બપોરના 3-15 થી 5-15 | સોમ થી શુક્ર |
| 14.03.2015 | બપોરના 3-15 થી 6-15 | શનિ / રવિ |

TCCI EDUCATION PVT. LTD.
MUKESH PATEL : 90990 76788
રૂબરૂ મળવાનો સમય : સવારના 10-30 થી સાંજના 5-00
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સે.7/A, ગાંધીનગર

(તલાટી) બ્રિલિયન્ટ બેચ-2015
નાપાસ થવાથી ફી 100% પરત
ફી ₹ 99,000/-* 100% રીફન્ડેબલ
બેચ શરૂ તા. : 1-3-2015 તથા 8-3-2015

અંબિકા ઉપાસક જ્યોતિષ
૧૫૧% કામની લેખિત ગેરંટી, ગુપ્તધનના જાણકાર નૂર-હજુરી ઈલમઅને તાંત્રિક વિદ્યાથી કામ
૭ કલાકમાં ખતરનાક મહા મોહિની વશીકરણ
શત્રુનાશ, લવપ્રોબ્લેમ, સૌતનમુક્તિ, એકતરફી પ્રેમ, દારૂ છોડાવવો, ધારેલી વ્યક્તિનું મિલનના સ્પેશ્યલ.
ખોટા વાયદા નહીં, ખોટા ખર્ચ નહીં, સમયથી પહેલા કામ
અશક્યને શક્ય કરનાર, પહેલા અને છેલ્લો ઉપાય
ઘેરબેઠા કામ ● નિરાશ થયેલા ખાસ મળો
★★★★★ દરેક વાત ગુપ્ત
પ્લોટ નં. ૧૧૧૪/૧, ઈન્કવાયરી સામે, ઘ-૧।।, સે.૩/ડી,
9725686169

જોઈએ છે
સોલ્ડરીંગના કામના અનુભવી ભાઈઓ તથા બહેનો, ગાંધીનગર જી.આઈ.ડી.સી. માટે તથા માર્કેટીંગ માટે અનુભવી સ્ટાફ જોઈએ છે.
મો. : ૯૭૨૩૧ ૧૦૮૮૨

